| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | E-mail id :- phyedu@sauuni.ac.in |


નં.શા.શિ./ટેબલેટ યોજના/૧૮૯/૨૦૧૯

તા.૧૮-૦૯-૨૦૧૯

વિષય :- ટેબલેટની ફી લેવાની તારીખમાં વધારો કરવા બાબત.

પરિપત્ર ::-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવનનાં વડાશ્રી, તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે રાજય સરકારશ્રીએ ચાલુ વર્ષમાં ધોરણ – ૧૨ કરી કોલેજનાં પ્રથમ વર્ષમાં મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦/- નાં ટોકન દરથી ટેબલેટ આપવાની મહત્વની યોજના અમલમાં મુકેલ છે.

કોલેજનાં પ્રથમ વર્ષમાં એડમિશન લીધેલા વિદ્યાર્થીઓ ભાઈઓ-બહેનો ખુબ બહોળી સંખ્યામાં આ યોજનાનો લાભ લે તે અંગે આપની કોલેજ/ભવન અને સંસ્થા દ્વારા કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવે છે. આ યોજનાનો લાભ લેનાર વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન www.digitalgujarat.gov.in માં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં કરવાનું રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઉપરોકત રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓની ફી ભરવાની છેલ્લી તારીખ ૧૮-૦૯-૨૦૧૯ રાખેલ હતી. **આ તારીખમાં વધારો કરીને હવે છેલ્લી તારીખ ૨૩-૦૯-૨૦૧૯ રહેશે. જેની ખાસ નોંધ લેશો.**

વિદ્યાર્થીઓની યાદી e-mail id :- phyedutab2019@gmail.com પર અવશ્ય મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. કોલેજે દરેક વિદ્યાર્થી દરેક વિદ્યાર્થીનું પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ટેબલેટ ફી જમા કરાવવાની રહેશે. ફી જમા કરતી વખતે રજીસ્ટ્રેશન તથા તેને લગતી તમામ માહિતી ફી જમા કરતી વખતે સાથે જોડવાની રહેશે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦નાં વર્ષમાં જેટલા વિદ્યાર્થીઓનાં પોર્ટલમાં થયેલ હશે તેટલા વિદ્યાર્થીઓની જ ફી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે. **આ સાથે સામેલ K.C.G. નો પરિપત્ર પણ ધ્યાને લેશો.**

કુલસચિવ

**પ્રતિ,**

(૧) સૌ. યુનિ. સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ,

(૨) સૌ. યુનિ. સંચાલિત શા.શિ. અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રી,,

(૩) સૌ. યુનિ. સંલગ્ન માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ,

(૪) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

**નકલ સાદર રવાના :-**

(૧) માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી,

(૨) કુલસચિવ નાં અંગત સચિવશ્રી,

(૩) હિસાબ વિભાગ, (૪) ઓડીટ વિભાગ, (૫) કેશ વિભાગ. (૬) આઈ. કયુ. એ. સી. વિભાગ.

# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat

ક્માંક:-કેસીજી/૨૦૧૯-૨૦/2624

તા:-૧૭/૦૯/૨૦૧૯

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ સ્ટેટ અને પ્રાઇવેટ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

વિષય:-વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ટેબલેટ યોજના બાબત.

મહોદય,

રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય સરકારી/ખાનગી યુનિવર્સીટીમાં સ્નાતક, ડીપ્લોમા,નર્સિંગ,તથા ડી.એલ.ડી. કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અધતન ટેક્નોલોજી ધરાવતું ટેબ્લેટ રૂ.૧૦૦૦-/ના ટોકન દરે આપવાની યોજના વર્ષ ૨૦૧૭થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના વર્ષ ૨૦૧૯-૨૦ માટે પણ ચાલુ રાખવા માટે નિર્ણય થયેલ છે અને વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંલગ્ન યુનિવર્સીટી/કોલેજ/નોડલ એજન્સી મારફત ટેબલેટ મળવાપાત્ર છે. વિધાર્થીઓને ટેબલેટ માટે યુનિવર્સીટી/સંસ્થા સ્તરેથી ટેબલેટ રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવાની થાય છે. પ્રસ્તુત બાબતે આપશ્રીની યુનિવર્સીટી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ ટેબલેટ ઈચ્છુક વિદ્યાર્થીઓની રૂ.૧૦૦૦/- ટોકન રકમ જમા લઇ તેઓની નોંધણીની વિગતો તાત્કાલિક www.digitalgujarat.gov.in વેબપોર્ટલ ઉપર સબમીટ કરવા અને ટેબલેટ ડીલીવર થયે ટેબલેટ મોડેલ અને સીરીયલ નંબરની વિગતો પણ આ જ વેબપોર્ટલ ઉપર સબમીટ કરવા ગત વર્ષે જે પદ્ધતિ અનુસરવામાં આવેલ તે જ પધ્ધતી પ્રમાણે આ વર્ષે પણ અનુસરવાની રહે છે. આથી વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ અને ટેબલેટ મેળવવાપાત્ર તમામ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન સત્વરે થાય તે મુજબ આપશ્રીની યુનિવર્સીટી સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓને જાણ કરી આ યોજનાનો સફળ અમલ થાય તે માટે ઘટતી કાર્યવાહી હાથ ધરવા આથી વિનંતી કરવામાં આવે છે.

યુનિવર્સીટી/કોલેજો દ્વારા રજૂઆત થયેલ છે કે તેમના વિધાર્થીઓની વિગત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટર કરતાં તેઓના આધાર કાર્ડ પોર્ટલ પર મિસ મેચ થાય છે તેમજ ધોરણ ૧૨ની પુરક પરીક્ષા જુલાઈ ૨૦૧૯માં પાસ કરી ચાલુ વર્ષે કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓનું ડીજીટલ ગુજરાત પોર્ટલમાં રજીસ્ટ્રેશન થતું નથી.આ નીચેના કારણોના લીધે થાય છે.

૧.વિધાર્થીની ધોરણ ૧૨ની માર્કશીટમાં અને વિધાર્થીના આધાર કાર્ડમાં નામ અલગ અલગ હોવાના કારણે આ મુશ્કેલી આવે છે. જે વિધાર્થી દ્વારા નજીકના આધાર સેન્ટરમાં જઈ હલ કરી શકાય છે.

૨.ધોરણ ૧૨ની જુલાઈ ૨૦૧૯ની પુરક પરીક્ષાનું પરિણામ હજુ એક મહિના પહેલા જ આવેલ છે અને ત્યારબાદ વિધાર્થીઓ દ્વારા પરિણામ પુન:ચકાસણી માટે પણ રજૂઆત આવે છે. પરિણામે, પુન:ચકાસણીમાં સુધારેલા પરિણામ અંતિમ થયેથી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉક્ત પરિણામોની સોફ્ટ કોપી આપવામાં આવે છે જેને ડીજીટલ ગુજરાતના પોર્ટલમાં અપલોડ કરવામાં આવે છે. માટે હજુ સુધી તે પરિણામની સોફ્ટ કોપી આપણને મળેલ નથી. પરંતુ દિન ૧૫માં આ પ્રશ્ન પણ હલ કરી દેવામાં આવશે.

આભાર સહ,

પ્રો.એ.યુ.પટેલ, 17-9-19

એડવાઈઝર કેસીજી,

પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સીટી